Volume-5, Issue-03, March 2018 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# નર્મદાશંકર દેવશંકર મહેતાએ કરેલી ધર્મ અંગેની વિભાવના

**ઈશાન એમ. સોલંકી**

પીએચ.ડી. વિદ્યાર્થી, દર્શનશાસ્ત્ર વિભાગ,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

---

## ૧. માનવમાં ધર્મભાવનાની સાહજિકતા

નર્મદાશંકર અનુસાર માનવમાં ધર્મભાવના આગંતુક નથી પરંતુ સાહજિક છે. અલ્પજ્ઞ અને પરાશયી જીવ સર્વજ્ઞ અને સ્વતંત્ર એવી પરમેશ્વરની ચેતના સાથે એકરૂપ થયા વગર તે સંતોષાતી નથી એટલે માનવમાત્ર સર્વજ્ઞ, સ્વાવલંબી અને સ્વતંત્ર એવી પરમ ચેતના સાથે અવશ્ય જોડાવા ઈચ્છે છે. આ ઈચ્છા સાહજિક રીતે માનવમાં છે. માનવમાત્રની આ એક આધ્યાત્મિક ભૂખ છે, જે સહજ છે. આ સહજ ભાવના, પરમેશ્વર સાથે જોડાવાની તડપ, જેને નર્મદાશંકર "આધ્યાત્મિક ભૂખ તરીકે ઓળખાવે છે." પરમતત્વને પામવાની આવી ઊંડી વાસના એ વિકાર નથી પરંતુ તે ગુણરૂપ છે. માનવમાં અલ્પજ્ઞતા, પરતંત્રતા, અપૂર્ણતા જ્યાં સુધી સંવેદાય છે ત્યાં સુધી માનવનો સર્વજ્ઞ, સ્વતંત્ર અને પૂર્ણ પરમેશ્વરને પામવાનો તલસાટ રહે છે આવા તલસાટને નર્મદાશંકર ધર્મજિજ્ઞાસા તરીકે ઓળખાવે છે. તેઓ જણાવે છે કે "મનુષ્યપ્રાણીને જ્યાં સુધી અલ્પજ્ઞતા, પરતંત્રતા, અપૂર્ણતા વગેરે જણાયા કરશે ત્યાં સુધી સર્વજ્ઞ, સ્વતંત્ર અને પૂર્ણ પરમેશ્વરને મળવાને તલસ્યા જ કરશે. ધર્મની આવી સાચી ભૂખ ઉઘડવી તેનું નામ ધર્મજિજ્ઞાસા છે". (ધર્મતત્વ વિચાર ભાગ-૧-પૃ-૧૫૭)

## ૨. ધર્મમાં કેવળ શ્રદ્ધા નહિ પરંતુ 'શુદ્ધ શ્રદ્ધા' હોવી જોઈએ

નર્મદાશંકરની ધર્મ વિભાવનામાં શુદ્ધ શ્રદ્ધાનું અત્યંત મહત્વ છે. નાસ્તિકતા તેમના મતે એક સાહસ છે. નાસ્તિકતાના પર્યાય તરીકે તેઓ અશ્રદ્ધાને મુકે છે. જેને પરમતત્વ કે શુદ્ધ ચેતનામાં અશ્રદ્ધા છે તે નાસ્તિક છે. બીજી તરફ સંત મહાત્માઓ તેમજ ધર્મગ્રંથો દ્વારા જે કઈ કહેવાય છે તે સત્ય છે એમ માનનારા અંધશ્રદ્ધા ધરાવે છે અને એ પણ ચિત્તનો દોષ છે. નર્મદાશંકરના મતે "અશ્રદ્ધા અથવા નાસ્તિકતા અને અંધશ્રદ્ધા અથવા સર્વાસ્તિકતા એ બે વચ્ચે શુદ્ધ શ્રદ્ધાના માર્ગને અવકાશ છે."(ધર્મતત્વ વિચાર ભાગ-૧-પૃ-૧૧૬) તેમના મતે નાસ્તિકતાવાદીઓ કેવળ વિચારવાદી છે અને અંધશ્રદ્ધા ધરાવનારા કેવળ આચારવાદી છે. તેમના મતે "ધર્મ માત્ર વિચાર અને આચારના સામ્ય પર બંધાયેલો છે કેવળ વિચાર અથવા કેવળ આચારમાં ધર્મનું રહસ્ય નથી. કેવળ વેદાંતની વાતો કરનારા... કેવળ જપ કરી માત્ર આચારમાં સર્વસ્વ છે એમ માનનારા... ધર્મના વ્યાપક સ્વરૂપને સમજી શકતા નથી" (ધર્મતત્વ વિચાર ભાગ-૧-પૃ-૧૧૬) નર્મદાશંકર વિચાર અને આચારનું સામ્ય હિંદુધર્મના વ્યાપક સ્વરૂપ દ્વારા સમજાવે છે. આ સંદર્ભમાં તેઓ શિવ અને શક્તિ બંનેને એકતત્વની બે બાજુ તરીકે ઓળખાવે છે. તેઓ જણાવે છે કે "જેમ એક ઢાલની એક ખાડાવાળી અને એક ઉપસેલી બાજુ હોય છે અને તેમ છતા ઢાલ એ એક જ વસ્તુ છે, તેમ પરમતત્વની એક લયવાળી, પરમશાંતિવાળી, સામાન્ય પ્રકાશવાળી અવસ્થા છે તેનું નામ શિવ; અને તેની સર્જનભાવવાળી, ઉન્મુખ કલાવાળી, વિશેષ પ્રકાશવાળી અવસ્થા છે તેનું નામ શક્તિ."

સત, ચિત્ત અને આનંદ સ્વભાવવાળું તત્વ વ્યાપક ભાવે લીન થયું હોય તો તે શિવ. તે જયારે પોતાના સ્વરૂપને "હું સચ્ચિદાનંદ પૂર્ણરૂપ છુ" એવી રીતે ઉન્મુખ થઇ ઓળખાતું થાય ત્યારે શક્તિ.... આ ચૈતન્યના પોતાના સચ્ચિદાનંદ-સ્વભાવે બહાર કાઢવાનો-ઝબકાવવાનો જે અંતસ્થ વેગ તેને શક્તિ સંજ્ઞાથી તાંત્રિકો જણાવે છે. આમ તેમણે શિવને વિચારરૂપ અને શક્તિને આચારરૂપ ગણાવી શૈવ અને શાક્ત બંનેનો સમન્વય કર્યો છે. આમ નર્મદાશંકરનું ધર્મ અંગેનું દ્રષ્ટિબિંદુ સમન્વયાત્મક છે. તેમની ધર્મની વાચના વિરોધ આશ્રિત નથી પરંતુ સમન્વય આશ્રિત છે. આવી સમન્વયાત્મક સમજણ એ જ સાચી ધાર્મિક સમજણ છે એવું તેમણે તેમની ધર્મભાવના દ્વારા સ્પષ્ટ કર્યું છે.

*2016, RHIMRJ, All Rights Reserved*

### ૩. ધર્મતંત્રમાં આત્મનિર્ણયનો અધિકાર આવશ્યક છે

નર્મદાશંકર ધર્મને એક તંત્રરૂપે જુએ છે. સર્વ ધર્મોને પોતાના એક તંત્ર હોય છે અને કયું ધર્મતંત્ર વ્યક્તિએ કે પ્રજાએ સ્વીકારવું તે આત્મનિર્ણયનો વિષય છે. અર્થાત ધર્મતંત્રમાં આત્મનિર્ણયનો સ્વીકાર અનિવાર્ય પ્રમાણે થવો જોઈએ. આમ આત્મનિર્ણયનો સ્વીકાર એ ધર્મના અભ્યાસની પાયાની શરત છે. આ જ કારણે તેઓ સર્વ ધર્મોની સમાનતા પ્રતિપાદિત કરવા માંગતા નથી. એ જ રીતે બધા જ ધર્મોનો અભ્યાસ કરીને તેમાંથી જે સારું છે તે આચરવું જોઈએ એમ પણ તેઓ માનતા નથી કારણ ઉપરના બંને દ્રષ્ટિબિંદુથી વ્યક્તિની ધાર્મિક ખીલવણી થઈ શકતી નથી. આ સંદર્ભમાં તેઓ જણાવે છે કે "અત્યારે તો આપણને એમ કહેવામાં આવે છે કે તમે બધા ધર્મનું શિક્ષણ લો અને તેમાંથી જે સારું લાગે તે પાળજો. મારે તે વિષે કહેવાનું એટલું જ છે કે પરધર્મના આશય ગમે તેટલા સારા ઉત્તમ હશે તો પણ તે આપણા નથી, એટલું જો આપણે સમજીશું નહિ, તો તેનાથી આપણી ખિલવણી- ઉન્નતિ થવાની નથી. જેમ આપણા પર પરદેશી પ્રજાનું રાજય ગમે તેટલું સારું હોય પરંતુ તે સ્વરાજની ગરજ સારે નહી તેમ અન્યના ધર્મ કે પશ્ચિમની પ્રજાના ધર્મોમાં કઈ સારૂ હોય તો પણ તેને આપણું કરી લઈએ તો જ તે આપણને ગુણકારી થઇ શકે."(ધર્મતત્વ વિચાર–ભાગ-૧-પૃ-૧૨૭) આમ નર્મદાશંકર અનુસાર ધર્મતંત્રમાં આત્મનિર્ણય મહત્વનું છે સાથે સાથે પરધર્મના સારા ગુણોને સ્વપરંપરામાં રહી ગોઠવવા અને તેને આત્મસાત કરવા એ ધર્મતંત્ર માટે આવશ્યક છે.

### ૪. ધર્મ એ કેવળ જ્ઞાન નથી પરંતુ જીવંત અનુભવ છે.

નર્મદાશંકરના મતે કેવળ બુદ્ધિમય કે જ્ઞાનમય જીવન કરતા અનુભૂતિની છાલકવાળું જીવન સાચું ધાર્મિક જીવન છે આવા ધાર્મિક જીવનમાં જ્ઞાનના વિસ્તાર કરતા અનુભવની ઊંડાઈ વધુ મહત્વની છે. તેઓ જણાવે છે કે "આપણા જીવનનું રહસ્ય કેવળ બુદ્ધિમાં અર્થાત જ્ઞાનભૂમિકામાં નથી, પણ આપણા અંતસ્તમ સ્વરૂપમાં રહેલા અપરોક્ષ અનુભવબળમાં તથા આપણી નિગુઢ દશામાં રહેલી જ્ઞાન, ઈચ્છા અને ક્રિયાશક્તિના સમતોલ વિકાસમાં છે. (ધર્મતત્વ વિચાર ભાગ-૪-પૃ-૧૦૯) કેવળ બુદ્ધિની શરણ લેવાથી બુદ્ધિની આ પારના– બાહ્ય વિશ્વનું જ્ઞાન આપણને ચોક્કસ મળે છે પરંતુ સાક્ષીરૂપ આત્માનો આશ્રય લેવાથી આંતર વિશ્વના સત્યો પ્રાપ્ત થાય છે. નર્મદાશંકર અનુસાર એવું ખચિત જ નથી કે પારગામી સત્ય જ મહત્વના છે. તેઓ બુદ્ધિના સત્યાન્વેષણને સ્વીકારે છે. 'સાચું ધાર્મિક જીવન વિશ્વના સ્થૂળ અને સુક્ષ્મ વ્યતિકરોને હસતામલકવત્ છે'. આ જ સાચા ધાર્મિક જીવન કે ધર્મમય જીવનની કળા છે. આ કળા દ્વારા જે સ્વચ્છંદ અનુભવ- ઉર્મીઓ વાણી કે ગ્રંથોમાં ઉછાળા લે છે તેના સંસ્પર્શથી માનવજીવન ધર્મમય બને છે. ધાર્મિક જીવન અને તેના સઘળા પરિણામો કેવળ બુદ્ધિ દ્વારા સિદ્ધ કરવાના પ્રયત્નો જીવનને શાંતિ અને તૃપ્તિ આપતા નથી. આથી જ ધર્મમય જીવનમાં બુદ્ધિથી પરના ક્ષેત્રનો સંસ્પર્શ જરૂરી બને છે. આમ ધાર્મિક જીવન કેવલ બુદ્ધિને આધીન નથી. આ સંદર્ભમાં નર્મદાશંકર જણાવે છે કે "ધર્મનું બીજ પરમાત્મા અર્થાત પ્રાણીમાત્રના ગુહાશયમાં રહેલા ચૈતન્યઘન સ્વરૂપમાં સમાયેલું છે; અને તે બીજ ભિન્ન દેશકાલમાં સર્વજ્ઞ આર્ષ અંત:કરણમાં અંત:સંવેદનરૂપે અંકુરિત થાય છે." (ધર્મતત્વ વિચાર ભાગ-૪-પૃ-૧૧૧) ધાર્મિક જીવનના વ્યવહારિક અને પારમાર્થિક બંને અંશોને નર્મદાશંકર પટ અને કોર ના રૂપક દ્વારા સમજાવે છે. "આપણા અમુલ્ય સ્વરૂપપટની એક કોરમાત્ર જાગ્રત કાળની જ્ઞાનદશામાં પ્રકટ થાય છે, પરંતુ પટનો મોટો કીમતી ભાગ કોરની પેલી બાજુએ હોય છે. કોર પટની શોભારૂપ છે, પણ તે પટનું કાર્ય સારે નહિ. તેવી રીતે જાગ્રત કાળના જ્ઞાન આંતર સંવિત પટના પ્રમાણમાં નહિવત્ છે. આ પ્રત્યક્ષ જગત જેમાં આપણે બુદ્ધિમય જીવન ગાળીએ છીએ, જેને આપણે પરમસત્ય માની બેઠા છીએ તેના પરભાગમાં એક અધ્યાત્મતત્વ અમર્યાદ વિલસી રહ્યું છે. એ સમુદ્રની ચૈતન્યમય તરંગાવલિ આ બાહ્ય જગત સાથે અથડાઈ તેને સત્યપણું અર્પે છે." આ સંદર્ભમાં વ્યવહાર અને પરમાર્થ બંને ચૈતન્યનો વિલાસ છે અને ધાર્મિક જીવનનો આશય પણ આ બંને ક્ષેત્રો વચ્ચેના આત્મસંવાદમાં રહેલો છે. આ આત્મસંવાદ સ્વાભાવિક અને નિત્ય બને, બંને વચ્ચેની તન્મયતા સિદ્ધ થાય, આ સંબંધ જાગ્રતસબંધ બને તો જીવનમાં પરમ શાંતિનો આહલાદ પ્રગટ થાય.

સર્વ ધર્મના મહાત્માઓ અને પયગંબરો જે પરાનુભુતીને વ્યક્ત કરે છે તેના સંદર્ભમાં નર્મદાશંકર લખે છે કે "સર્વ ધર્મના અનુભવી મહાત્માઓ આપણી બુદ્ધિના પરભાગમાં રહેલા અને વસ્તુમાત્રને જીવન અર્પનાર પરમતત્વનો સ્વીકાર કરે છે, અને તે તત્વ સાથે તન્મયતા અનુભવવામાં કૃતકૃત્યતા સમજે છે." આમ ધર્મમય જીવનમાં બાહ્યેન્દ્રીય, મન અને બહ્યાર્થના સન્નિકર્ષથી પ્રકટ થતું જ્ઞાન

તો હોય જ છે તે ઉપરાંત ધાર્મિક જીવનમાં જ્ઞાન આંતર દ્વારથી અલૌકિક સન્નીકર્ષ દ્વારા પ્રાપ્ત થાય છે. આ પ્રકારનું ધર્મમય જીવન જગતનું વિદ્વેષી છે અને પ્રાણીમાત્ર પર અનુકંપા ધરાવે છે. આ અવર્ણનીય ચમત્કૃતિરૂપ અવસ્થાવાળું જીવન છે.

ધાર્મિક જીવન અંગેના નર્મદાશંકરના વિચારોને નીચેના છ મુદ્દાઓ દ્વારા રજુ કરી શકાય છે.

૧. બુદ્ધિથી પર એક વ્યાપક તત્વ રહેલું છે, આ તત્વ સંપૂર્ણ પ્રપંચનું અસ્તિત્વ અને શોભા છે.
૨. આ પરમતત્વ સાથે આપણો આત્મા અભેદ સંબંધ ધરાવે છે.
૩. આ અભેદ સબંધને જાગૃત કરવાની કળા એ ધર્મમય જીવન છે.
૪. આ કલાને યોગ કે સંયમ કહેવાય છે.
૫. આ પ્રકારનું જીવન જીવનાર ઉત્તમ ચારિત્યવાન, આરોગ્યવાન, અને જગત પ્રત્યે અનુકંપા ધરાવે છે.
૬. આ પ્રકારના જીવન દ્વારા જ્ઞાનનો વિશુદ્ધ પ્રકાશ વહે છે.

**૫. ધર્મ કેવળ જડ માન્યતા કે વિચારજડતા નથી, ધર્મમાં પ્રગતિશીલતા છે જેથી ધર્મમાં શુદ્ધિ અને વૃદ્ધિ શક્ય છે.**

નર્મદાશંકર ધર્મનો અર્થ શાસ્ત્રાંધ બનવું એવો કરતા નથી. ધર્મનું શોધન થઇ શકે છે અને તેની વૃદ્ધિ કે વિકાસ પણ થઇ શકે છે. આમ ધર્મ નર્મદાશંકર અનુસાર વૃદ્ધિ અને વિકાસ માટે મુક્ત, ઉચિત અને મોકળું આકાશ આપે છે. તેઓ સ્પષ્ટપણે જણાવે છે કે "ધર્મનું પણ શોધન છે, અને ધર્મનું પણ વર્ધન છે... જેમ આપણા અવયવો સ્નાનાદિથી શુદ્ધ થાય છે, અને વ્યાયામાદિથી વૃદ્ધિને પામે છે તેમ આપણા અધ્યાત્મજીવનના અવયવરૂપ ધર્મની પણ શુદ્ધિ-વૃદ્ધિ થઇ શકે છે." (ધર્મતત્વ વિચાર ભાગ-૪-પૃ-૩૯૪) ધર્મના અનુશરણમાં વિવેકદ્રષ્ટિ જરૂરી છે. ह्रदयेन अभ्यनुज्ञात:| અર્થાત ધર્મનું હૃદયથી અનુમોદન અને અનુશરણ થવું જોઈએ. આ સંદર્ભમાં નર્મદાશંકર ધર્મને ઇન્દ્રિય, બુદ્ધિ, મન દ્વારા અનુષ્ઠેય એટલે કે સાધ્ય પદાર્થ- સાધના વડે તેની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય તેવો પદાર્થ માને છે. ધર્મની વિવેક વડે નિષ્ઠા ન થાય તો તે વિધર્મ અથવા અપધર્મ છે. ટૂંકમાં ધર્મ વિવેક વિનાનું આચરણ નથી.

ધર્મમાં કઈ રીતે શોધન અને સંવર્ધન થાય છે તેના ઉદાહરણરૂપે તેમણે અહિંસા જેને બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ધર્મમાં આવશ્યક ધર્મ માન્યો છે, તેની તેઓ વિચારણા કરે છે. અહિંસા ઉપર જૈનો વિશેષ ભાર આપે છે, બૌદ્ધો તેનાથી ઓછો અને બ્રાહ્મણો તેથી પણ ઓછો ભાર આપે છે. બ્રાહ્મણધર્મમાં યજ્ઞમાં હિંસા વિહિત હતી. આ સંદર્ભમાં નર્મદાશંકર સ્પષ્ટ લખે છે કે "જેઓ પોતાને વર્તમાન વૈદિક ધર્મના માને છે તેઓને પોતાના ધર્મના ઇતિહાસનું સાચું જ્ઞાન હોય તો તેમનો ધર્મ અહિંસાનું જ પ્રતિપાદન કરે છે તેમ કહેવાનું સાહસ ન કરે." યજ્ઞમાં થતી હિંસાને પ્રથમ સંખ્યાચાર્ય કપિલદેવે ગૌણ બનાવી, ભગવાન શ્રીકૃષ્ણે ભાગવત ધર્મ દ્વારા ક્રિયાકાંડ કરતા ઉપાસના અથવા ભક્તિકાંડને પ્રાધાન્ય આપ્યુ, મહાત્મા ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીએ બૌદ્ધ અને જૈન ધર્મના પ્રસારણ વડે વૈદિક ધર્મ ઉપર સુધારણા કરી અને યજ્ઞમાં હિંસાનો લોપ કર્યો. આમ ધર્મમાં શોધન અને વર્ધન-શુદ્ધિ અને વૃદ્ધિ થાય છે એમ નર્મદાશંકર બ્રાહ્મણધર્મમાં હિંસાના આચરણમાંથી અહિંસાનું આચરણ કેવી રીતે સ્થિર થયું તે દર્શાવે છે.

ધર્મશોધનનું પહેલું દ્વાર સદગુરુ સંબંધ છે. ધર્મનું સામાન્ય જ્ઞાન મેળવ્યા પછી ધર્મ અનુસાર જીવન શાસન માટે ગુરુનો સંપર્ક એ અત્યંત મહત્વનો છે. ગુરુના સંપર્ક દ્વારા ધર્મના અનુસરણની સમજ અને અધિકાર પ્રાપ્ત થાય છે. આ દ્વારા સ્વધર્મની ઓળખ પણ કેળવાય છે અને વ્યક્તિ ધર્મશોધનના બીજા દ્વાર પર પહોચે છે જે દ્વાર છે વિવેકનું. મનુષ્ય આસક્તિથી બંધાયેલો રહે છે. તમોગુણમાં મોહ અને આવરણથી મનુષ્ય બંધાયેલો રહે છે. રજોગુણમાં તૃષ્ણા અને ક્રિયાની આસક્તિથી તે બંધાયેલો હોય છે, અને સત્વગુણમાં પ્રકાશ અને સુખની આસક્તિથી બંધાયેલો હોય છે. આ આસક્તિરૂપ બંધનનો ક્ષય વિવેક દ્વારા થાય છે. ધર્મશોધનનું ત્રીજું દ્વાર વૈરાગ્ય અથવા તૃષ્ણાના ક્ષયનું છે. રાગ અને વૈરાગ્યની સુંદર સમજુતી આપતા નર્મદાશંકર લખે છે કે "ચિત્તનો સુખસાધનો સાથેનો અખંડ સંયોગ તે રાગ છે તેનો વિયોગ તેનું નામ વૈરાગ્ય."(ધર્મતત્વ વિચાર ભાગ-૪-પૃ-૩૯૮) વિરાગી ચિત્તની ઓળખ નર્મદાશંકર નીચે પ્રમાણે દર્શાવે છે:

(૧) વિરાગી ચિત્ત વિષયો સાથે સ્પર્શમાં આવ્યા છતાં વિષયોમાં લોપાતું નથી.
(૨) વિરાગી ચિત્ત વિભૂ હોય છે.

(૩) વિરાગી ચિત્ત સ્વચ્છ અને તફાવતોને ગ્રહણ કરનારું એટલે કે ભેદક હોય છે.
(૪) વિરાગી ચિત્ત સ્થૂળ દેહની મર્યાદાને અતિક્રમે છે.
(૫) વિરાગી ચિત્તમાં માર્જન કરવાની ક્ષમતા હોય છે.
(૬) વિરાગી ચિત્ત સંસ્કારોને પકડી રાખતું નથી.
(૭) વિરાગી ચિત્ત સ્વ સ્વરૂપને અનુભવવા માટેનો મુખ્ય અધિકાર છે.

વિવેક અને વૈરાગ્ય ધર્મના શાસ્ત્રવાક્યોને સમજવા માટેના સુક્ષ્મદર્શક યંત્રો છે જેનાથી ધર્મના આંતરરૂપનું દર્શન થાય છે.

ધર્મશોધન અને વર્ધનનું ચોથું દ્વાર કરુણા કે અનુકંપા છે. આ અનુકંપાનું સેવન બ્રહ્મભાવ દ્વારા થઈ શકે છે. આ દેવાયાન માર્ગ છે જે માર્ગે જતા ધર્મ સ્વયં વિધર્મ અને અપધર્મમાથી મુક્તિ મેળવે છે. આથી જ નર્મદાશંકરના મતે ધર્મની શુદ્દિધ- અને વૃદ્દિધ માટે ધર્મના શોધન અને સર્જન માટે શ્રી સદગુરુ સબંધ, વિવેક, વૈરાગ્ય અને કરુણા આ ચારેય ધર્મદ્વારમાંથી નીસર્યા પછી જીવ માત્ર બ્રહ્મભાવમાં વિચરણ કરે છે.

**૬. ધર્મ-ધાર્મિક જીવન આનંદમય છે. ધર્મમાં આનંદનો વિમર્શ થવો જોઈએ.**

સર્વ જીવોની કાયિક, વાચિક તેમજ માનસિક પ્રવુતિ આનંદ માટે છે. આનંદ માટે જ લોકો જીવે છે. માનવના સર્વ પ્રયત્નો આનંદ માટે છે. જીવ માત્ર આનંદ માટે જ તલસે છે. આનંદની સીમા ક્ષણીક વિષયવાસનામાં નથી. શ્રુતિ અનુસાર આનંદ જીવનું પોતાનું સ્વસ્વરૂપ છે અર્થાત આપણું મૂળ સ્વરૂપ પરમપ્રેમમય આનંદરૂપ છે. નર્મદાશંકર લખે છે કે આત્મા જયારે પરમપ્રેમાસ્પદ છે તો તે પ્રેમ આનંદરૂપ જ છે. મૂળ આનંદ આત્માથી અભિન્ન હોવાને કારણે નર્મદાશંકર તેને અજન્ય ગણાવે છે. દેહના અભિમાનનું નિર્ધલન થતા પરમ આત્માનું જ્ઞાન થાય છે. જ્યાં જ્યાં મન જાય છે ત્યાં ત્યાં સમાધિ અનુભવાય છે. આ સ્વસ્વરૂપના આનંદની અખંડ અભિવ્યક્તિ છે. આવો સ્વસ્વરૂપાનંદ વિચ્છેદ પામવા યોગ્ય નથી. સ્વસ્વરુપાનંદના બે સ્વરુપો નર્મદાશંકર દર્શાવે છે: ૧.અવચ્છિન્ન સ્વરૂપાનંદ અને ૨.અવચ્છિન્ન નિજાનંદ જેમાંનો પ્રથમ સમષ્ટિરૂપ છે જયારે બીજો વ્યષ્ટિરૂપ છે. તત્વત: બંને શુદ્ધ બ્રહ્માનંદના દ્રષ્ટિબિંદુના ભેદથી જણાતા બે સ્વરૂપો છે. નર્મદાશંકર આનંદની બીજી બે કોટિઓ જન્યાજન્ય કોટિ અને જન્ય કોટિ એમ વિભાજીત કરે છે. જન્યાજન્ય કોટિમાં પ્રાપ્ત થતો આનંદ વાસનાનંદ છે જે સુષુપ્તિમાં અનુભવાય છે, તથા બાહ્યકરણોની નિષ્ક્રિય અવસ્થા તથા વિષયના અભાનવાળી અવસ્થામાં પણ અનુભવાય છે. જન્યાજન્ય કોટિના વાસનાનંદમાં જાગૃતકાલના બળવાન વેગથી તેને સહજ વિસ્મૃતિ થાય છે અલબત્ત આ વાસનાનંદ દ્વારા વિવેકી જનો સ્વરૂપાનંદનું અનુમાન કરી શકે છે. આનંદ જયારે વૃતિ સ્વરૂપમાં પ્રતિબિંબિત થાય છે ત્યારે વૃત્તિ સ્વરૂપને આધીન વર્તે છે. જન્ય કોટિની સમજ આપતા નર્મદાશંકર લખે છે કે "વૃત્તિના ઉદય પછી જન્મ પામતા હોવાથી તે આનંદ જન્ય કોટિમાં આવે છે... વિષયોપભોગનો અવધિ (પૂરો) થાય ત્યારે અંત:કરણ પોતાના સત્વ ધર્મને પ્રકટ કરી પોતાની ક્ષણિક શાંત વૃતિમાં સ્વરૂપાનંદના પ્રતિબિંબને ગ્રહણ કરે છે આને લોકો વિષયાનંદ કહે છે. વૃત્તિ જ્યાં સુધી શાંત સ્વરૂપ પકડતી નથી, ત્યાં સુધી સુખ પ્રાપ્ત કરવાના તરફડીયા હોય છે, સુખાનુભવ હોતો નથી." (ધર્મતત્વ વિચાર ભાગ-૩-પૃ-૪૭,૪૮)

પ્રતિબિંબરૂપ વિષયાનંદ અને વિધાનંદનું મુખ્ય સાધન ઈપ્સિત આનંદને અભિવ્યક્ત કરે એવી વૃત્તિનો ઉદય છે. વિધાનંદમાં સ્વેચ્છાધીનતા છે જયારે વિષયાનંદમાં સ્વેચ્છાધીનતા નથી. વિષયાનંદી પાસે બાહ્ય ઉપાધિ હોવા છતા વિધાનંદનો આસ્વાદ લઈ શકાય છે કારણ કે તેમાં વૃત્તિના જન્મમાં અન્ય બાહ્ય વિષયની અપેક્ષા નથી જયારે વિષયાનંદમાં વિષય અંગેની પરાધીનતાને કારણે વૃત્તિ ઉપર પુરુષનું સર્વાંશે સ્વાતંત્ર નથી. આમ આનંદ પ્રાપ્તિ એ જ અવચ્છિન્ન બ્રહ્માનંદ અને અવચ્છિન્ન નિજાનંદ, વાસનાનંદ અને વિષયાનંદ આ ચારેય આનંદના આવિર્ભાવની વિવિધ અવસ્થાઓ કે સ્થિતિઓ છે એવું નર્મદાશંકર તેમના આનંદમીમાંસાનું પરામર્શ દ્વારા વિવરણ કરે છે. તેમના મતે ધર્મમય જીવન આનંદ માટે છે. ઉપરની ચારેય અવસ્થાઓમાં આનંદ જ અભિપ્રેત છે આમ નર્મદાશંકર અનુસાર ધર્મનો હેતુ આનંદની અભિવ્યક્તિમાં છે. આનંદનું પરમ પ્રાપ્તવ્ય બ્રહ્માનંદ છે ગૌણ પ્રાપ્તવ્ય નિજાનંદ છે. વાસનાનંદ અને વિષયાનંદમાં જીવોને તે ધર્મની ઈચ્છાથી નહિ પરંતુ અનિચ્છાથી સ્ફુરે છે તેથી તેનું પ્રાપ્તવ્ય તો નથી જ. પ્રાપ્તવ્ય તો- સેવવા યોગ્ય તો વિધાનંદ છે આના સંદર્ભમાં ગૌડપદ કારિકાને ઉધ્ધરિત કરતા નર્મદાશંકર લખે છે કે :

तत्वमध्यात्मिकं द्रष्टा तत्वं दष्टवा तु बाह्यत: |
तत्वीभुत्स्तादारामस्तत्वादप्रच्युतोभवेत ||

**ભાવાર્થ :** આધ્યાત્મિક તત્વદર્શન કરી (અર્થાત ત્વ પદના યાથાર્થ્યનો અનુભવ કરી), બાહ્ય તત્વનો સાક્ષાત્કાર કરી (અર્થાત તત્પદાર્થનું જ્ઞાન સંપાદન કરી), તત્વરૂપ થઇ (અર્થાત એકરસ પ્રત્યગભિન્ન બ્રહ્મરૂપ થઇ), તે તત્વમાં જ પરમાનંદને અનુભવતા તત્વથી કદાપિ ભ્રષ્ટ થવું નહિ. (ધર્મતત્વ વિચાર ભાગ-૩-પૃ-૫૬)

**૭. ધર્મભાવનામાં ભાવમય અંત:કરણના સામર્થ્યનો-પરમઆનંદની પ્રાપ્તિનો સ્વીકાર છે.**

તેમના મતે ભગવતનો અર્થ ભાવવાળું છે. ભગવત એ સ્પંદતત્વ છે, એ ઐશ્વર્યરૂપ છે. ઐશ્વર્યની સમજુતી આપતા નર્મદાશંકર લખે છે કે પરની પ્રેરણાની અપેક્ષા રાખ્યા વિના પોતાની આત્મશક્તિને પ્રેરી જે કાર્ય ઉત્પન કરે તેનું નામ ઐશ્વર્ય. અર્થાત આત્મશક્તિ પ્રેરાયેલું કાર્ય તે ઐશ્વર્ય છે. આ જગત એ ઈશ્વર કે પરમતત્વની આત્મશક્તિથી પ્રેરાયેલી અભિવ્યક્તિ છે.

પરમતત્વ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. બ્રહ્મના આ ત્રણેય સ્વભાવધર્મ છે. જીવનો આનંદ મોહ ઉત્પન કરે છે, આની સુંદર સમજુતી આપતા નર્મદાશંકર લખે છે કે સહકારની અપેક્ષાવાળો આનંદ તેનું નામ મોહ. સહકારની અપેક્ષા વિનાનો આનંદ તે તેજ સ્વરૂપ છે અને નિજાનંદ તે તેજની ચિનગારી છે. આ તેજની ચિનગારી સૃષ્ટિના સર્વપદાર્થોમાં તત્વત: અંતર્યામી તરીકે વિધમાન છે. ત્રિગુણાત્મક પ્રકૃતિમાં ભગવતતત્વ તેની કળા અને તેના ભુવન-સ્થાનમાં અવતરણ એ પરમતત્વનો સ્વભાવધર્મ છે. ચિત્તના અનેક ભાવોમાં ચાર ભાવો બ્રહ્મતત્વના આનંદ સાથે સંકળાયેલા છે. અન્ય ભાવો એ તેના પર વળગેલા ભાવો છે. ભગવત તત્વને સ્વમાં ઉતારી શકે તેવા ચાર ભાવો છે : ૧.દાસ્યભાવ, ૨.સખ્યભાવ, ૩.વાત્સલ્યભાવ, ૪.માધુર્યભાવ. આ ચાર ભાવો પૈકી કોઈપણ ભાવનો આશ્રય લઇ ભાવમય અંત:કરણ દ્વારા પરમતત્વ સાથે સબંધ બાંધી શકાય છે. આ દ્વારા ભાવમયી ઇન્દ્રિય-અંત:કરણ ભગવાનને સર્વમાં ઓળખી શકે છે કારણ આવી ભાવવાળી બુદ્ધિ સાક્ષાત્કારવાળી બુદ્ધિ છે. આમ ભાવમય અંત:કરણનું સામર્થ્ય એ જ ધર્મની સાચી અનુભૂતિનું માધ્યમ છે.

**૮. ધર્મ આત્મવિદ્ થવાનો માર્ગ છે જેમાં શ્રદ્ધા એ એક પાયાની વસ્તુ છે.**

બ્રહ્મવિધામાં શ્રોતા-વક્તા વચ્ચે પ્રેમ અને વિશ્વાસનો સબંધ હોવો ઘટે. પ્રેમ અને વિશ્વાસની આ મિશ્ર સામગ્રીને નર્મદાશંકર શ્રદ્ધા તરીકે ઓળખાવે છે. શ્રદ્ધાની સંપતિ વગર પરમપુરુષાર્થની સિદ્ધિ થતી નથી. શ્રદ્ધાથી સેવાયેલા શ્રવણ વડે મનન શક્ય બને છે. આ દ્વારા થતું શ્રવણ કુતુહલ નથી. ઇષ્ટ અર્થને સમજવા માટે પુન:પુન: તે વાક્યો ઉપર મંથન કરવું પડે છે. આવું મંથન જ વિવેકજ્ઞાન ઉત્પન કરે છે, સમજણ પેદા કરે છે. નર્મદાશંકર જણાવે છે કે શ્રદ્ધા વડે સેવાયેલા શ્રવણથી મનનરૂપ મતિ પ્રગટ થાય છે તે જ બ્રહ્મસક્ષાત્કારરૂપ વિજ્ઞાનને નિદિધ્યાસન દ્વારા જન્મ આપે છે. (ધર્મતત્વ વિચાર ભાગ-૩-પૃ-૨૭૭,૨૭૮) આમ શ્રદ્ધા દ્વારા સ્વમહિમામાં પ્રતિષ્ઠિત થવાય છે અને વ્યક્તિ આત્મવિદ્ બને છે.

આત્મવિદ્ થવા માટે શ્રદ્ધા અને તત્પરતા બંનેની સાથે નર્મદાશંકર સંયતેન્દ્રિયત્વ અર્થાત યોગજ્ઞાનથી આરક્ષિત હોવુ જરૂરી છે. આમ નર્મદાશંકર શ્રદ્ધાને ફલીભૂત થવા માટે સાધકમાં શ્રદ્ધાની સાથે સાથે તત્પરતા અને ઇન્દ્રિય સંયમને અત્યંત જરૂરી માને છે.

**સંદર્ભસૂચિ**

(1) ધર્મતત્ત્વ વિચાર ભાગ-1, નર્મદાશંકર દેવશંકર મહેતા, સંપાદક : અનંતરાય રાવલ, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

(2) ધર્મતત્ત્વ વિચાર ભાગ-2, નર્મદાશંકર દેવશંકર મહેતા, સંપાદક : અનંતરાય રાવલ, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

(3) ધર્મતત્ત્વ વિચાર ભાગ-3, નર્મદાશંકર દેવશંકર મહેતા, સંપાદક : અનંતરાય રાવલ, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

(4) ધર્મતત્ત્વ વિચાર ભાગ-4, નર્મદાશંકર દેવશંકર મહેતા, સંપાદક : અનંતરાય રાવલ, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.